અપીલ અરજી નં.૩૬૯ તા.૩–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મિસ્ત્રી દિનેશ મનુભાઈ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મિસ્ત્રી દિનેશ મનુભાઈની તા. ૨૭–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)સર્વે નં.૧૫/૨ પૈકી નારાયણનગર કો.ઓ.ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીનાં મંજુર થયેલ પ્લાનની નકલ, બાંધકામ મંજુરી ઠરાવની નકલ મુદ્દા નં.(૨) સર્વે નં. ૧૫/૨ પૈકી નારાયણનગર કો.ઓ.ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં હાલમાં ચાલી રહેલ પ્લોટ નં. M.૧થી૯નાં બાંધકામ મંજુરીની નકલ તથા રજુ કરવામાં આવેલ પ્લાનની નકલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૯/૨૦૧૧–૧૨

શ્રી મિસ્ત્રી દિનેશ મનુભાઈની તા. ૨૭–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સર્વે નં.૧૫/૨ પૈકી નારાયણનગર કો.ઓ.ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીનાં મંજુર થયેલ પ્લાનની નકલ, બાંધકામ મંજુરી ઠરાવની નકલ મુદ્દા નં.(૨) સર્વે નં. ૧૫/૨ પૈકી નારાયણનગર કો.ઓ.ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં હાલમાં ચાલી રહેલ પ્લોટ નં. M.૧થી ૯નાં બાંધકામ મંજુરીની નકલ તથા રજુ કરવામાં આવેલ પ્લાનની નકલ આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી અંગે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા સાથે** વધુમાં અરજદારે જણાવેલ સર્વેનં., પ્લોટ નં. આધારે મનપાના ટી.પી.પ્રોગ્રામ વેબ ડીસ્પ્લે કે આનુષાંગિક દફતર આધારે માહિતી આપી શકાય તેમ છે કે કેમ ? તે પણ હકીકત સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૬૪ તા.૧૪–૧૧–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૪૮૩ તા.૩૦–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૨૩૮ તા.૮–૧૧–૧૧ ના પત્રની નકલ તથા અરજદારને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૪૮૩ તા.૩૦–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૭–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ ન મળતાં નારાજ થઈ અરજદારે તા.૩–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૨૩૮ તા.૮–૧૧–૧૧ થી નિયત સમય અવધિ બાદ અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧ તથા ૨ માં જણાવેલ વિગત અન્વયે જણાવેલ સ્થળ અંગે ટી.પી. સ્કીમ નંબર, ફા.પ્લોટ નંબર, સર્વે નંબરની સ્પષ્ટતા સહિતની વિગત આપ્યેથી માહિતી આપી શકાશે. તેવું જણાવેલ છે. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારીએ શહેર વિકાસ વિભાગ તરફથી વિગતો મંગાવી પત્ર નંસા.ઈ.ઝોન/મહેકમ/૨૪૮૩ તા.૩૦–૧૧–૧૧ થી અરજદારને માંગેલ માહિતીમાં સર્વે નંબર તથા સોસા.ના નામ અંગે વિસંગતતા છે જેથી તમો લીંબાયતઝોન કચેરીના કામકાજ દરમ્યાન પ્લાન મંજુરી રજીસ્ટર ચકાસી જરૂરી માહિતી મેળવી શકો છો તેવું જણાવેલ છે. આમ અરજદારને તેમની માંગવામાં આવેલ માહિતી અંગે તપાસણીના માધ્યમથી માહિતી પૂરી પાડવા પ્રસ્તાવ કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતીની વિગતોની  તપાસણીનો પ્રસ્તાવ  કરી તપાસણી પશ્ચાત  માહિતી પૂરી પાડવા તૈયારી  દર્શાવેલ હોઈ અરજદાર જાહેર માહિતી અધિકારીના  પ્રસ્તાવ અનુસાર  જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં કચેરી કામકાજ  દરમ્યાન  સંપર્ક કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.  અરજદાર ધ્વારા  સંપર્ક કર્યેથી જાહેર માહિતી અધિકારીના સમય અવધિ બાદનો  પ્રસ્તાવ ધ્યાને લેતાં  આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે  માહિતી અત્રેની જાણ હેઠળ  પૂરી પાડવા  સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :       –૧૨–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર  અને જાહેર માહિતી  અધિકારી (લીંબાયતઝોન)  ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મિસ્ત્રી દિનેશ મનુભાઈ,